શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં.પરીક્ષા/ગેરરીતિ/સેમે.-૧/૨૦૧૬/ ૧૦૯૬

તા. ૨૬/૧૧/૨૦૧૬

**અત્યંત જરૂરી / અગત્યનું**

**પરિપત્રઃ**

આથી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટી પ્રસ્થાપિત / માન્ય સંસ્થા/ અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા યોજાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ સંદર્ભમાં કોપી કેસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓની ડીબાર્ડની મુદત (સજાનો સમય) તેમજ પ્રવેશ બાબતે નીચે મુજબના નિયમો અમલમાં મૂકવામાં આવે છે.

ડીબાર્ડ (સજાની) વિગતઃ (કોલેજ તથા વિદ્યાર્થીઓની જાણ સારૂ)

(૧) F + O :

પરિણામ રદ કરવું તેમજ તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ આવતી પરીક્ષામાં બેસી શકશે અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.

(દા.ત. ડીસેમ્બર-૨૦૧૬ ની પરીક્ષામાં સેમે-૧ માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૭ માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી - ૨૦૧૭ માં આગળનો સેમેસ્ટર-૨ માં પ્રવેશપાત્ર બનશે.)

(૨) F + ૧ :

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની એક પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તેમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.
(દા.ત. ડીસેમ્બર-૨૦૧૬ ની પરીક્ષામાં સેમે-૧ માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૮ માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી - ૨૦૧૯ માં આગળનો સેમેસ્ટર-૨ માં પ્રવેશપાત્ર બનશે.)

(3) F + ૨ :

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી બે પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની બે પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તેમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.
(દા.ત. ડીસેમ્બર-૨૦૧૬ ની પરીક્ષામાં સેમે-૧ માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને. ડીસેમ્બર-૨૦૧૯ માં લેવાનારી પરીક્ષા આપી શકે. ત્યારબાદ જાન્યુઆરી - ૨૦૨૦ માં આગળનો સેમેસ્ટર-૨ માં પ્રવેશપાત્ર બનશે.)

(૪) જે તે વિષય / પેપરમાં નાપાસઃ જે તે વિષય/ પેપરમાં ઝીરો (Zero) ગુણ આપી પરિણામ જાહેર કરવું:

વિદ્યાર્થીને જે તે વિષય/પેપરમાં જ નાપાસ કરેલ હોય તો વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવું તેમજ તે વિદ્યાર્થી ઉપલાના સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બને છે.

(૫) વધુમાં વિદ્યાર્થીને જે તે સેમેસ્ટરમાં કોપી કેસ થયેલ હોય પરંતુ તેને પાછળના સેમેસ્ટરની કોઇ પરીક્ષા બાકી હોય તો તે પરીક્ષા આપવાને પાત્ર બને છે.

(દા.ત. વિદ્યાર્થીને સેમે-૩ માં કોપી કેસ થયેલ હોય તો તે વિદ્યાર્થીને સેમે-૧ તથા ૨ માં કોઇ પણ વિષય/પેપરમાં નાપાસ હોય તો તે પરીક્ષા આપી શકે છે.)

(૬) આ ઉપરાંત વિદ્યાર્થીએ જે તે પરીક્ષામાં જે વિષય/પેપરમાં પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષાવિદ્યાર્થીએ પુનઃ આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષાનો એક જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરીની સાથે પ્રેકટીકલ /લેસન/વાયવાની પરીક્ષા ફરજીયાત પુનઃ આપવાની થશે.

ગેરરીતિમાં પકડાયેલ વિદ્યાર્થીની એક યાદી પરીક્ષા પૂરી થયા બાદ યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેના આધારે કોલેજ પોતાની કોલેજના ગેરરીતિ કેસમાં વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નિણર્ય બાદ જ એટલે કે ગેરરીતિમાં પકડાયેલ વિદ્યાર્થીની સામે દર્શાવેલ જે તે સજાનો સમય પૂરો થયા બાદ જ પરીક્ષા આપી શકશે અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે. જો કોઇ વિદ્યાર્થીની સજા પૂરી થયા પહેલાં કોઇપણ કોલેજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ આપેલ હશે કે જે તે સેમેસ્ટર ની પરીક્ષા આપી હશે. તે યુનિવર્સિટીના ધ્યાન પર આવશે તો તે પરીક્ષા શુધ્ધિ-સમિતિએ સજાના કરેલ નિયમો પ્રમાણે વિદ્યાર્થીએ લીધેલ પ્રવેશ કે આપેલ પરીક્ષા બન્ને રદ થશે. જેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. આ અંગેની ચોકસાઇ જે તે કોલેજે જ કરવાની રહેશે.
ઉપરોકત સજાના નિયમોને ધ્યાનમાં રાખી કોલેજે કોપી કેસમાં પકડાયેલ વિદ્યાર્થીઓ માટે ફરજીયાત પણે અનુસરવાનું રહેશે. તેમજ કોલેજ તથા વિદ્યાર્થીએ કડકપણે આનો અમલ કરવાનો રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી
ગોધરા

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યઓ તરફ.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

### સેમેસ્ટર વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ અંગે નિયત કરેલ ધારા–ધોરણ

**(૧) જે તે પેપરમાં નાપાસઃ**

(૧) પરીક્ષાર્થી કોઈપણ રીતે પોતાની ઓળખ છતી કરવાનો પ્રયત્ન કરે.

(૨) ઉ.વહીમાં પ્રશ્નપત્રને પ્રસ્તુત ન હોય તેવું કોઈપણ લખાણ કે વિગતો આપીને પરીક્ષકને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે.

(૩) પરીક્ષા શરૂ થયાની પહેલાં પરીક્ષામાં કોઈપણ પ્રકારનું લખાણ લખતાં પકડાય અથવા અન્ય પરીક્ષાર્થીને પરીક્ષા પહેલાં કોઈ પણ પ્રકારનું સાહિત્ય આપતાં પકડાય.

(૪) ઈરાદાપૂર્વક ઉ.વહીમાં ચિન્હો અથવા સાંકેતિક ભાષા દ્વારા પોતાની ઓળખ પ્રગટ કરે.

(૫) સુપરવાઈઝરની સંમતિ વગર પરીક્ષાખંડમાં અન્ય પરીક્ષાર્થીની સાથે વાત કરે અને તેને માહિતી પહોંચાડે.

(૬) પરીક્ષા કેન્દ્ર અથવા તો પરીક્ષાખંડમાં અયોગ્ય વર્તન કરવું.

(૭) મોબાઈલ ફોન, પ્રોગ્રામેબલ કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર, ડીઝીટલ ડાયરી કે અન્ય કોઈ અનઅધિકૃત સાધનો વિગેરે સાથે પરીક્ષા ખંડમાંથી પકડાય પરંતુ તે વાપરતો ના હોય કે તેમાંથી પરીક્ષાલક્ષી માહિતી ન મળે.

**(૨) પરિણામ રદ કરવું (F+O):**

(૧) ઉત્તરવહી ચલણી નોટો જોડવામાં આવી હોય.

(૨) પરીક્ષાર્થી પરીક્ષાખંડનું બહાર જઈને કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરે.

(૩) પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થીની બેઠક પાસેથી કોઈપણ પ્રકારનું સાહિત્ય પકડાય અને તે વિષયને લગતું હોય.

(૪) નકલ કરવાના ઈરાદાથી અન્ય પરીક્ષાર્થીની ઉ.વહીમાંથી લખવાની ચેષ્ટા કરે અથવા તો ઈરાદાપૂર્વક અન્ય પરીક્ષાર્થીને પોતાની ઉ.વહીમાંથી નકલ કરવા દે.

(૫) પરીક્ષા કેન્દ્ર અથવા તો પરીક્ષાખંડમાં બિભત્સ વર્તન કરવું.

(૬) અન્ય પરીક્ષાર્થીની ઉ.વહી લઈ પરીક્ષામાં ઉતારો કરે અથવા તો બે પરીક્ષાર્થીઓ પોતાની એકબીજાની ઉ.વહીની આપલે કરે.

(૭) ગેરરીતિ આચરતાં પકડાય ત્યારે પોતાની પાસેથી પકડાયેલું સાહિત્ય લખવાનું અથવા તો તેનો નાશ કરવાનો અથવા ગળી જવાનો અથવા તો તેને સગેવગે કરવાનો કોઈપણ રીતે પ્રયત્ન કરે.

(૮) પરીક્ષાર્થી પાસેથી પકડાયેલું સાહિત્ય બારીની બહાર ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરે અથવા તો અન્ય પરીક્ષાર્થીને મદદ કરવાનો પ્રયત્ન કરે.

(૯) કાપલી અથવા તો છાપેલું સાહિત્ય મોબાઈલ ફોનમાં, ડીઝીટલ ડાયરીમાં, પ્રોગ્રામેબલ કેલ્ક્યુલેટરમાં, ઈલેક્ટ્રોનિક ઘડિયાળમાં, તથા ચશ્મા વિગેરેમાં સાહિત્ય મળે.

(૧૦) પરીક્ષાર્થી દ્વારા તેના પ્રત્યે દયાભાવ બતાવવા માટે દબાણ કરવામાં આવે કે અન્ય પરીક્ષાર્થીઓને ઉશ્કેરવાનો પ્રયત્ન કરવામાં આવે અથવા તો પરીક્ષાનું સંચાલન કરનારને તેની ફરજમાં અવરોધ પેદા કરે.

(૧૨) અન્ય પરીક્ષાર્થીઓની ઉ.વહી બળજબરી પૂર્વક લઈ લખવાનો પ્રયત્ન કરવો.

(૧૩) પરીક્ષાર્થીની પાસેથી કોઈપણ પ્રકારનું હાથવમાં લખેલું અથવા શરીરના કોઈપણ ભાગ ઉપર લખેલું અથવા કંપાસ બોકસ ઉપર, પ્રશ્નપત્ર પરનું, રીસીપ્ટ પરનું, અથવા ફૂટપટ્ટી ઉપર, ડ્રેસ ઉપર અથવા તો પોષાકના કોઈપણ ભાગ, રૂમાલ ઉપર અન્ય પ્રકારનું ટૂંકુ લખેલા લખાણ સાથે પકડાય તો.

**(૩) પરીણામ રદ કરવું અને ત્યાર પછીનીએ પરીક્ષા આપવા ન દેવી. (F+૧):**

(૧) પરીક્ષાર્થીએ મારી નાંખવાની કે અન્ય પ્રકારની ધમકી આપવાનું સ્ટેટમેન્ટ પરીક્ષા સંચાલક, સુપરવાઈઝર કે ઓબ્ઝર્વર ને આપવામાં આવે, અથવા ત્રાહિત વ્યકિત દ્વારા ધમકી આપવામાં આવે.

(૨) પરીક્ષાર્થી બહારથી લખાવીને લાવેલ ઉ.વહી સાથે પકડાય અથવા તો બહારથી લખાવીને આવેલ ઉ.વહીમાંથી નકલ કરતાં પકડાય.

(૩) પરીક્ષા–ખંડમાં પરીક્ષા પુરી થયા બાદ ઉ.વહી સુપ્રત કર્યા વગર પરીક્ષા–ખંડ છોડી જાય અથવા તો ઉ.વહીને પોતાની સાથે લઈ જાય અથવા તો તેમાંથી કોઈ પાનું ફાડી નાંખે અથવા તો ઉ.વહીનો નાશ કરે.

(૪) પરીક્ષાર્થી દ્વારા તેના પ્રત્યે દયાભાવ બતાવવા માટે દબાણ કરવામાં આવે કે અન્ય પરીક્ષાર્થીઓને ઉશ્કેરવાનો પ્રયત્ન કરવામાં આવે અથવા તો પરીક્ષાનું સંચાલન કરનારને તેની ફરજમાં અવરોધ પેદા કરે.

**(૪) પરીણામ રદ કરવું અને ત્યારપછીની બે પરીક્ષા આપવા ન દેવી. (F+૨):**

(૧) પરીક્ષાર્થી પોતાના સ્થાને અન્ય વ્યકિતને પરીક્ષા આપવા બેસાડે તો આ પરીક્ષાર્થીની સામે ઉપરની સજા કરવી.

(૨) પરીક્ષાર્થી પોતાની પાસે ગન, રિવોલ્વર, ચપ્પુ અથવા તો અન્ય પ્રકારનું હથિયાર લઈને પરીક્ષા આપે અને પરીક્ષાનું સંચાલન કરનાર સુપરવાઈઝર, ઓબ્ઝર્વર કે અન્ય અધિકારીને તેના દ્વારા ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપે અથવા તો પરીક્ષામાં કોપી કરવાનો પોતાનો ધ્યેય સિદ્ધ કરવા માટે તે સાધનથી ડરાવવાનો પ્રયત્ન કરે. આ વિદ્યાર્થી સામે પોલિસમાં ફરિયાદ નોંધાવીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.